RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 138 * Date: 09.03.2025,Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# દેશના દરેક ક્ષેત્રમાં મહિલાઓ છવાયેલી: મોદી



વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસ ગુજરાતના પ્રવાસે છે. ગઈકાલે (તા. ૦૭/૦૩/૨૦૨૫)ના રોજ સુરત અને સેલવાસ બાદ આજે તેઓ નવસારીના વાસી બોરસી ખાતે લખપતિ દીદી કાર્યક્રમમાં હાજરી આપવા પહોંચ્યા હતા, જ્યા વડાપ્રધાને મહિલા દિવસે ૪૧ હજાર લખપતિ દીદી સહિત દોઢ લાખ મહિલાનું સન્માન કર્યું હતું. આ કાર્યક્રમમાં સફળ મહિલાઓ, જેઓ વાર્ષિક એક લાખ રૂપિયાથી વધુની કમાણી કરે છે તેમને સન્માનિત કરવામાં આવી હતી. આ બાદ વડાપ્રધાન સુરતથી દિલ્હી જવા રવાના થયા હતા. નોંધનીય છે કે આજે વડાપ્રધાનની તમામ સુરક્ષાની જવાબદારી ૩૦૦૦ મહિલા પોલીસકર્મચારીએ સંભાળી હતી. સાજકીય મેદાન હોય કે રમતનું મેદાન, દેશના દરેક ક્ષેત્રમાં મહિલાઓ છવાયેલી છે. ૨૦૧૪ બાદથી દેશના મહત્વના પદો પર મહિલાઓની ભાગેદારી ખૂબજ ઝડપથી વધી છે. કેન્દ્ર સરકારમાં સૌથી વધુ મહિલા મંત્રી બની, ૨૦૧૯માં પહેલીવાર અમારી સંસદમાં ૭૮ મહિલા સાંસદ ચૂંટાઈને આવી હતી: મોદીસંબોધનના અંતમાં વડાપ્રધાને કહ્યું કે, એક દીકરો જેવા ભાવથી માની સેવા કરે છે એવા જ ભાવથી હું ભારતની માતાઓ-બહેનોની સેવા કરુ છું અને કાયમ માટે કરતો રહીશ.વડાપ્રધાને કહ્યું કે, સુરત જિલ્લાનું ઉદાહરણ છે ગયા વર્ષે એક દીકરી સાથે બળાત્કાર થયો હતો. જેમાં ૧૫ દિવસમાં પોલીસે કામ પુરુ કર્યું અને હમણાં થોડા અઠવાડિયા પહેલાં જ આરોપીને સજા મળી: મોદીઅમારી સરકારે ૨૪ કલાક મહિલાઓ માટે કામ કર્યું. દેશભરમાં મહિલાઓ માટે ખાસ સેન્ટર શરૂ કર્યા, જેમાં ૧૦ લાખ મહિલાઓને મદદ મળી: મોદીદીકરીઓની સુરક્ષા માટે ફાસ્ટ ટ્રેક કોર્ટનું ગઠન કર્યું અને દેશભરમાં ૮૦૦ કોર્ટ બનાવવામાં આવી.

## બરસાનાની રંગબેરંગી શેરીઓમાં હોળીની શરૂઆત:મથુરામાં ૧૦ કિમી સુધી ભીડ ઉમટી



મથુરાના બરસાનાની રંગબેરંગી શેરીઓમાં હુરિયારિન સજી-ધજીને તૈયાર છે. હાથમાં લાકડી અને ચહેરા પર ઘુંઘટ. હુરિયારે ઢાલ લઈને ભગવાન કૃષ્ણના ગામ નંદગાંવથી ૫૦ કિમી દૂર બરસાના પણ પહોંચી ગયા છે. રંગીલી શેરી પર હેલિકોપ્ટરથી ફૂલોનો વરસાદ થઈ રહ્યો છે.હુરિયારિન નંદગાંવથી આવેલા મિત્રો પર લાકડીઓનો વરસાવશે. તેઓ પણ ગીતો ગાતા ઢાલથી પોતાનો બચાવ કરશે. બરસાનાની વિશ્વ પ્રસિદ્ધ હોળી જોવા માટે ભારત અને વિદેશમાંથી લગભગ ૧૦ લાખ લોકો મથુરા પહોંચ્યા છે.બરસાનાની શેરીઓમાં ભીડ ઉમટી છે. બધે અબીર-ગુલાલ ઉડી રહ્યો છે. વિવિધ સ્થળોએ, મહિલાઓ હાથમાં લાકડીઓ લઈને જૂથોમાં ઉભી છે. રંગીલી ગલીની સાવિત્રી કહે છે- જ્યારે અમે હોળી રમીએ છીએ ત્યારે એવું લાગે છે કે કિશોરીજી (રાધા) આપણી સાથે છે અને ઠાકુરજી આપણી સામે બેઠા છે.સાવિત્રી કહે છે કે ફક્ત શ્રીજીની સખીઓ જ લઠ્ઠમાર હોળી રમે છે. એનો અર્થ એ થયો કે ફક્ત પુત્રવધૂઓ જ તે રમી શકે છે, અહીં કુંવારી છોકરીઓ લઠ્ઠમાર હોળી રમતી નથી. રંગીલી શેરીની પુત્રવધૂઓ શ્રીજીની જેમ તેમના ઠાકુરજી માટે તૈયાર થાય છે. અમારો શણગાર ઠાકુરજીના નામનો છે.

બરસાનામાં ભારે ભીડને ધ્યાનમાં રાખીને, વિવિધ સ્થળોએ પોલીસ તહેનાત કરવામાં આવી છે. ભીડને કાબુમાં લેવા માટે વહીવટીતંત્રે બરસાનામાં વાહનોના પ્રવેશ પર રોક લગાવી દીધી છે.

## દિલ્હીમાં મહિલાઓને દર મહિને ૨૫૦૦ મળશે:કેબિનેટની મંજૂરી




દિલ્હી સરકારે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસરે મહિલા સમૃદ્ધિ યોજના શરૂ કરી. બીજેપી અધ્યક્ષ જેપી નડ્ડાએ જવાહરલાલ નેહરુ સ્ટેડિયમમાં આ યોજનાની શરૂઆતની જાહેરાત કરી હતી. આ પહેલા શનિવારે સવારે દિલ્હી કેબિનેટની બેઠકમાં સમૃદ્ધિ યોજનાને મંજૂરી આપવામાં આવી હતી.યોજના લોન્ચ કરતાં નડ્ડાએ કહ્યું- હું સીએમ રેખા ગુપ્તા અને અન્ય લોકોને અભિનંદન આપું છું કે દિલ્હીમાં આ યોજનાને લાગુ કરવા માટે ૫૧૦૦ કરોડ રૂપિયા જાહેર કરવામાં આવ્યા છે. આ દરમિયાન દિલ્હી બીજેપી અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવાએ કહ્યું- અમે આજથી રજીસ્ટ્રેશન શરૂ કરીશું અને આ સ્કીમ ટૂંક સમયમાં લાગુ કરવામાં આવશે.આજે સવારે દિલ્હી કેબિનેટની બેઠકમાં આ યોજનાને મંજૂરી મળી. ખરેખરમાં, વિધાનસભા ચૂંટણી દરમિયાન, ભાજપે મહિલા સમૃદ્ધિ યોજના હેઠળ મહિલાઓને દર મહિને ૨૫૦૦ રૂપિયા આપવાનું વચન આપ્યું હતું. આ યોજનાનો લાભ ૨૦ લાખ મહિલાઓને મળવાનો અંદાજ છે.રજિસ્ટ્રેશન માટે ૮ માર્ચે ખાસ પોર્ટલ શરૂ કરવામાં આવશે: મહિલા સમૃદ્ધિ યોજનાનો લાભ મેળવવા માટે, મહિલાઓએ ઈ-રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત રહેશે. આ માટે સરકાર ૮ માર્ચે એક પોર્ટલ અને મોબાઈલ એપ લોન્ચ કરી શકે છે. આ પોર્ટલ પર, મહિલાઓ મતદાર કાર્ડ, બીપીએલ કાર્ડ, આધાર કાર્ડ અને આવક પ્રમાણપત્ર જેવા જરૂરી દસ્તાવેજો સબમિટ કરીને અરજી કરી શકશે.આ યોજનાનો લાભ લગભગ ૨૦ લાખ મહિલાઓને મળશે: દિલ્હીમાં ૭૨ લાખ મહિલા મતદારો છે. આ યોજનાનો લાભ લગભગ ૨૦ લાખ મહિલાઓને મળશે એવો અંદાજ છે. આમાંથી લગભગ ૫૦ ટકા મહિલા મતદારો છે.



### તંત્રી લેખ...

# મહિલાઓ ઈમાનદાર

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પૂર્વે જાહેર કરાયેલા એક અહેવાલ મુજબ ૨૦૨૪માં એક્ટિવ લોન લેનાર ઋણધારકોની સંખ્યામાં મહિલાઓ પુરૂષની તુલનામાં આગળ રહી છે. ક્રેડિટ ઈન્ફર્મેશન કંપની સીઆરઆઈએફ હાઈ માર્કના એક અહેવાલ મુજબ મહિલાઓએ માત્ર લોન લેવામાં જ નહીં, પરંતુ લોન ચૂકવણીમાં પણ પુરુષો કરતાં સારો દેખાવ કર્યો છે.રિપોર્ટ અનુસાર ડિસેમ્બર, ૨૦૨૪ સુધીમાં એક્ટિવ મહિલા ઉધાર લેનારાઓની સંખ્યા ૧૦.૮ ટકા વધીને ૮.૩ કરોડ થઈ ગઈ છે જ્યારે પુરુષ વર્ગમાં આ વૃદ્ધિ માત્ર ૬.૫ ટકા હતી.અહેવાલમાં જણાવાયું છે કે મોટાભાગની લોન કેટેગરીઓમાં મહિલાઓએ ચૂકવણીમાં સારો વ્યવહાર દર્શાવ્યો હતો. ગોલ્ડ લોન અને ટુ-વ્હીલર લોન સિવાય તમામ કેટેગરીમાં મહિલાઓનું રીપેમેન્ટ પુરુષો કરતાં સારૂં હતુ. ૨૦૨૪માં હોમ લોન, વ્યવસાય લોન, કૃષિ અને ટ્રેક્ટર લોન, મિલકત લોન અને શિક્ષણ લોનમાં મહિલાઓની ચૂકવણી ક્ષમતામાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. આ ઉપરાંત કન્ઝયુમર ડયુરેબલ લોનના સંદર્ભમાં પણ મહિલાઓએ પુરુષો કરતાં વધુ સારું પ્રદર્શન કરીને સૌને ચોંકાવ્યા છે.રિપોર્ટ અનુસાર સરકારી બેંકોએ ૨૦૨૪માં મહિલાઓને લોન આપવામાં વધુ રસ દાખવ્યો છે. મહિલા લોનધારકોનો બાકી લોન પોર્ટફોલિયો ૧૮ ટકા વધીને ૩૬.૫ લાખ કરોડ રૂપિયા થયો છે. જોકે કુલ દેવાદારોમાં મહિલાઓનો હિસ્સો ૨૪ ટકા પર સ્થિર રહ્યો છે.

# મહિલા દિવસઃ બિઝનેસ અને રોકાણ ક્ષેત્રે મહિલાઓની આગેકૂચ, તેમ છતાંય ભારતમાં મહિલા ફંડ મનેજરો માંડ ૮.૮૮ ટકા



૮ માર્ચ વિશ્વ મહિલા દિવસ છે. બિઝનેસ ક્ષેત્રે મહિલાઓની આગેકૂચ બહુ લોકોએ આવકારી છે. બિઝનેસ ક્ષેત્રે મહિલાઓને કોઈ યુદ્ધ નથી કરવાનું પરંતુ, તેમની શાર્પ બુદ્ધિ અને વહિવટની નિપુણતાને બતાવવાની હોય છે. માર્કેટના આશ્ચર્ય વચ્ચે મહિલાઓ કોમર્સ અને બિઝનેસ ક્ષેત્રે ટોપમાં જોવા મળી રહી છે.ફંડ મેનેજરની વાત કરીએ તો ૨૦૧૭માં મહિલા ફંડ મેનેજરોની સંખ્યા માંડ ૧૮ જેટલી હતી આજે તે વધીને બમણી થઈ ગઈ છે. તેમ છતાંય ભારતમાં મહિલા ફંડ મેનેજરો માંડ ૮.૮૮ ટકા છે. કોમર્સ અને બિઝનેસ ક્ષેત્રે મહિલાઓને ટોપ પર પહોંચવાની પુરતી સવલતો મળે છે. તેમના માટે આ ક્ષેત્ર બહુ ફેવરેબલ પણ છે. અહીં ટોચ પર પહોંચેલી મહિલાઓને માર્કેટની ક્વિન કહી શકાય. શેર બજાર પર નિયંત્રણ રાખતી સંસ્થા સેબીના વડા તરીકે ગત મહિના સુધી માધવી પુરી બુચ હતા. દેશના નાણાં પ્રધાન પદે પણ મહિલા છે જે આગળ વધવા મથતી મહિલાઓ માટે પ્રેરણા સ્ત્રોત સમાન છે. ઈન્વેસ્ટમેન્ટ મેનેજર, એનાલિસ્ટ, કે માર્કેટીંગ ક્ષેત્ર જે પુરૂષોના વર્ચસ્વવાળા હતા ત્યાં, આજે મહિલાઓની હાજરી જોવા મળી રહી છે. સ્ટાર્ટઅપ ક્ષેત્રે પણ મહિલાઓની વિશેષ હાજરી જોવા મળી રહી છે.

રાજકારણમાં કામ કરતી મહિલાઓ તો લોકોને જોવા મળે છે પરંતુ, અન્ય ક્ષેત્રે મહિલાઓ સાયલન્ટ રહીને કામ કરતી હોય છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ક્ષેત્રે મહિલાઓની સંખ્યા વધુ જોવા મળી રહી છે. નેશનલ સ્ટોક એક્સચેન્જ પર ૧૦ મિલિયન રજીસ્ટર્ડ રોકાણકારો હતા તે પૈકી પાંચમાંથી એક રોકાણકાર મહિલા હોય છે. દેશના બજારોમાં ૪૭૩ ફંડ મેનેજરો છે આજે ત્યાં ૪૨ મહિલાઓ પણ છે. આ સંખ્યા ભલે ઓછી હોય પણ તે ૬.૬૬ લાખ કરોડનું ફંડ ભેગું કરી શક્યા હતા.૬૩ વર્ષના એક મહિલા ફંડ મેનેજરે કહ્યું હતું કે, લક્ષ્મી (સમૃદ્ધિ-સંપત્તિની દેવી) અને સરસ્વતી (જ્ઞાન, સંગીત, કળા અને વહિવિટી બુદ્ધિની દેવી) ને મહિલાઓની બુદ્ધિ સાથે સરખાવી શકાય. ફાયાનાન્સનું પ્લાનિંગ અને રોકાણનું મેનેજમેન્ટ માત્ર પુરૂષો કરી શકે છે એ વર્ષો જૂની વાતમાં અનેક મહિલાઓએ ગાબડું પાડ્યું હતું. આવું ગાબડું પાડવામાં દિપા મહેતા, અમિશા વોરા, પ્રીતી રાઠી, દેવિના મહેરા, લક્ષ્મી ઐયર, રાધિકા ગુપ્તા વગેરેનો સમાવેશ થાય છે. આ લોકો ઘરના મોરચાની સાથે બિઝનેસનો મોરચો પણ સફળતા પૂર્વ સંભાળતા હતા. બોમ્બે સ્ટોક એકસચેન્જમાં દિના મહેતા પહેલા મહિલા ડાયરેક્ટર બન્યા હતા. તે છેલ્લાં ૩૨ વર્ષથી સ્ટોક બ્રોકર છે ૨૦૦૧માં તે બોમ્બે સ્ટોક એકસચેન્જના પહેલાં મહિલા પ્રમુખ બન્યા હતા. શેર બજારમાં તે ખૂંપી ગયા હતા એમ કહી શકાય. બોમ્બે સ્ટોક એક્સચેન્જ ઘેર ઘેર જાણીતું નામ છે. તેમને શેરબજારના મહિલા પાયોનિયર કહી શકાય, કેમકે તે શેરબજારમાં પ્રવેશનાર પહેલા મહિલા સ્ટોક બ્રોકર હતા. બીએસઈમાં તે બે વર્ષ માટે વાઈસ પ્રેસિડેન્ટ તરીકે રહ્યા હતા તેમજ છ વર્ષમાં એસોસીયેટ્સ તરીકે રહ્યા હતા.ટોચમાં આવેલી મહિલાઓ કહે છે કે આગળ વધવા મથતી મહિલાઓએ તેમના કામની પ્રાયોરીટી નક્કી કરીને આગળ વધવું જોઇએ. ફેમિલી અને બિઝનેસ બંને એક સાથે સંભાળી શકાય છે

# 'હાથી' અને 'ડ્રેગન' સાથે ડાન્સ કરે એ જ સમયની માંગ : ચીન

બિજિંગ : અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચીનની વસ્તુઓ પર બીજી એપ્રીલથી ટેરિફ નાખવાની જાહેરાત કરી દીધી છે. એવામાં નરમ પડેલુ ચીન હવે ભારતમાં પોતાનું માર્કેટ વધારવાની ફિરાકમાં હોય તેવા સંકેતો મળ્યા છે. સરહદે વારંવાર વિવાદો કરનારા ચીને હવે ભારત સાથે મિત્રતાના હાથ લંબાવ્યા છે, ચીનના વિદેશ મંત્રી વાંગ યીએ કહ્યું છે કે હાથી (ભારત) અને ડ્રેગન (ચીન) બન્નેએ એકબીજાની સફળતા માટે હાથ મિલાવવા જોઈએ અને સાથસહકાર આપી એકબીજાને મદદ કરતા રહેવી જોઈએ.

ચીનની રાજધાની બિજિંગમાં પ્રેસ કોન્ફરંસ દરમિયાન ચીનના વિદેશ મંત્રી વાંગે કહ્યું હતું કે એકબીજાને મદદ અને સાથ આપવા માટે ભારત અને ચીન પાસે અનેક કારણો છે, એલિફન્ટ અને ડ્રેગને એકબીજાનો સાથ આપવાની જરૂર છે, એકબીજાની સફળતા માટે આ સિવાય બીજો કોઇ ઉપાય કે રસ્તો નથી. બન્ને એકબીજા સાથે મળીને દુનિયા બદલી શકે છે. બન્ને દેશોએ એવી ભાગીદારી રાખવી જોઇએ જે બન્ને દેશોની સફળતામાં યોગદાન આપે. ભારત અને ચીને એકબીજાના રસ્તામાં અવરોધો ઉભા કરવાના બદલે એકબીજાને સાથ આપવો જોઇએ. અને સાથે મળીને કામ કરવું જોઇએ.

ચીનના વિદેશ મંત્રી વાંગ સત્તાધારી પક્ષ કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ચાઇનાના શક્તિશાળી રાજકીય બ્યૂરોના સભ્ય પણ છે. તેમને મીડિયાએ સવાલ પૂછ્યો હતો અને લદ્દાખ સરહદે ભારત અને ચીને સૈનિકો પરત બોલાવવા અને શાંતિ સ્થાપિત કરવા માટે જે નિર્ણય લીધો હતો તેને હાલ કેવી રીતે મુલવવામાં આવી રહ્યો છે. આ અંગે જવાબ આપતા ચીનના વિદેશ મંત્રી વાંગે કહ્યું હતું કે બન્ને દેશોએ એકબીજાના વિકાસ માટે સાથે આવવું જોઇએ, ભારત અને ચીન એકબીજાની સાથે હાથ મિલાવી લે તો આંતરરાષ્ટ્રીય સંબંધોમાં પણ મોકળાશ વધશે અને ગ્લોબલ સાઉથના મજબૂત થવાની શક્યતાઓ પણ વધી જશે. એવી કોઇ જ મુશ્કેલી નથી જેનો વાતચીતથી ઉકેલ ના લાવી શકાય. એકબીજાના સાથ સહકાર વગર કોઇ પણ લક્ષ્યને પ્રાપ્ત ના કરી શકાય.

**- ભારત અને ચીન વચ્ચે ભાગીદારી વધશે તો બન્ને દેશોનો વિકાસ થશે, સફળતા માટે સહકાર આપવો જરૂરી, તે સિવાય બીજો કોઇ વિકલ્પ નથી : વાંગ**

**- બીજી એપ્રીલથી ટ્રમ્પ ચીનની વસ્તુઓ પર મોટો ટેરિફ નાખવાના હોવાથી ડ્રેગન હવે ભારતમાં માર્કેટ વધારવાની ફિરાકમાં**

**- ચીનની સત્તાધારી પાર્ટીના રાજકીય બ્યૂરોમાં વિદેશમંત્રી વાંગની વગ, રાષ્ટ્રપતિ જિનપિંગની સલાહથી આ નિવેદન આપ્યું હોવાની શક્યતા**



લદાખ પાસે ગલવાન ઘાટીમાં જુન ૨૦૨૦માં ચીનના સૈનિકો ઘૂસી આવ્યા હતા, જે બાદ ભારતના જવાનોએ તેમનો સામનો કરીને ભગાડયા હતા, જોકે આ દરમિયાન બન્ને દેશોની સેનાના સૈનિકો વચ્ચે ભારે મારામારી થઇ હતી, જેમાં ભારતના ૨૦ જેટલા જવાનો શહીદ થયા હતા અને ચીનના પણ અનેક માર્યા ગયા હતા, ત્યારથી બન્ને દેશો વચ્ચે સરહદે સૈનિકો સામસામે હતા. તાજેતરમાં સમજૂતી હેઠળ બન્ને દેશોએ સૈનિકો સહિતની તૈનાતી પરત લેવાનો નિર્ણય લીધો હતો. આ ઘટનાના ચાર વર્ષ બાદ હવે ચીન નરમ પડયું છે, ચીનના આ નરમ વલણ પાછળનું એક કારણ ભારતનું વિશાળ માર્કેટ પણ માનવામાં આવે છે.

બીજી વખત અમેરિકાના પ્રમુખ બન્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પે અનેક દેશો પર ટેરિફ નાખવાની જાહેરાત કરી છે, બીજી એપ્રીલથી તેનો અમલ થશે અને તેમાં ચીનને પણ અડફેટે લેવામાં આવશે. જેને પગલે અમેરિકામાં ચીનની વસ્તુઓના ભાવ ટેરિફને કારણે વધી જશે, તેથી અમેરિકી માર્કેટમાં ચીનની વસ્તુઓની માગ ઘટી જશે. પોતાના આર્થિક નુકસાનથી બચવા માટે ચીન હવે ભારતના માર્કેટ પર કબજો કરવાના ઈરાદાથી પોતાની નીતિ બદલવા લાગ્યું હોવાનું નિષ્ણાતો માની રહ્યા છે. જે વસ્તુઓ અમેરિકામાં નહીં વેચી શકે તે હવે ભારત તરફ વાળવા માટે ચીન આ ચાલ ચાલી રહ્યું હોય તેમ સ્પષ્ટ જણાય છે અને તેથી હાલ ભારત સાથે મિત્રતાની વાતો કરવા લાગ્યું છે. વાંગ ચીનમાં વગદાર નેતાઓમાં સ્થાન ધરાવે છે.

## "આંતર રાષ્ટ્રીય મહિલા દિવસ -૨૦૨૫"

## મહિલા એટલે નારી.. નારી શકિત...સ્ત્રી શકિત

" એક સ્ત્રી નું સશક્ત હોવું એટલે રોક-ટોક વગરનું સ્વચ્છંદ જીવવું એમ નહી, સ્ત્રીનું સશક્ત હોવું એટલે સન્માનીય આત્મનિર્ભર જીવન જીવવું...

"સ્ત્રી ક્યારેય પણ સાધારણ હોઈ જ ન શકે.. ખુદ પરમેશ્વરને પણ પૃથ્વી પર જન્મ લેવા માટે નારી શક્તિ નો સહારો લેવો પડે છે તો આ સમાજ કે દુનિયા નારી વગર કલ્પવી પણ અશક્ય છે. "કેટલાય લોકો કહે છે કે સ્ત્રીનું કોઈ ઘર નથી હોતું પણ સત્ય હકીકત તો એ છે કે સ્ત્રી વગરનું ઘર એ ઘર જ ન કહેવાય"

એક સ્ત્રી જેના વિવિધ સ્વરૂપો છે જેમ કે... માં, દીકરી, બહેન, પત્ની, સખી છે જે કોઈ પણ પુરુષના જીવનમાં કોઈ પણ સ્વરૂપે એ સ્થાન ધરાવે જ છે. જે દરેક સ્વરૂપમાં પૂજનીય હતી અને છે જ.

દુનિયામાં એવું કોઈ કાર્ય નથી કે જે એક સ્ત્રી માટે કરવું અશક્ય હોય. એ કઈ પણ ધારે તો એ કોઈપણ સંજોગોમાં એ પરિપૂર્ણ કરે એટલી ક્ષમતા એનામાં રહેલી છે.

આમ તો જનરલી જોવા જઈએ તો સ્ત્રી ની જરૂરિયાતો બહુ મોટી નથી હોતી.. એના નાના-નાના સપના ..નાની નાની ખુશીઓમાં પણ એ પોતાની જાતને સૌભાગ્ય માને છે. એક સ્ત્રીને શું જોઈએ? મારી દ્રષ્ટીએ કહું તો એક સ્ત્રી ફક્ત માન, સન્માન, એના તરફ આદરથી જોવાતી નજર, એનું નામ ઈજ્જતથી લેવાય, એને કોઈ કાર્ય કર્યું હોય એની થોડી ઘણી પ્રશંશા કે કદર કરવામાં આવે બસ.. એના નાના સપના હોય એ પૂર્ણ કરવા એને ઉડવા થોડી પાંખો જોઈએ.. બસ આટલું કરો એમાં એ પોતાની વિશ્વ માની લે છે. આમાં એક સ્ત્રીનું સર્વસ્વ આવી જાય છે. અને જે લોકો સ્ત્રીને આટલું કરવામાં મદદ કરે તો હું માનું છું ત્યાં સુધી એ સ્ત્રી એનું સર્વસ્વ ન્યોછાવર કરી જ દે.

ઘણા એવું કહે છે કે સ્ત્રીને ધન, સંપતિ, ઘર, દાગીના વૈભવી લાઈફ સ્ટાઈલ આ બધું જોઈતું હોય છે.. તો એવા લોકોને હું એટલું જ કહીશ કે એક સ્ત્રીના અંદર એટલી આવડત તો હોય જ છે કે એ ઈચ્છે ને તો આ બધું એ પોતાની જાતે પણ એનામાં જે કુશળતા હોય કે લાયકાત હોય એ મુજબનો વ્યવસાય કે નોકરી કરીને પરિપૂર્ણ કરી શકે છે. તો એ બધા માટે એ બીજા પાસે શું કામ અપેક્ષા રાખે ? પણ એને આ બધુ કરવા માટે એના પર નાખી દેવામાં આવેલી જવાબદારીઓ, સમાજે બનાવેલા અમુક નિયમો એને રોકે છે.

એક સ્ત્રીનું એક નાનું સપનું પણ પૂર્ણ કરવા એને થોડી પાંખો આપશો તો ઉડાન તો એ એની જાતે જ ભરશે. બસ જરૂર છે તો એ સમજ ની જ ... એક સ્ત્રી એના આવા નાના – મોટા સપનાઓમાં જ પોતાનું અસ્તિત્વ શોધી લે છે.

સમાજ જો આટલું સમજી જાય ને તો કોઈ સ્ત્રી આજે દુ:ખી કે તકલીફમાં ન હોય કદાચ આ દિવસ એટલે કે "૮ મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ" ઉજવવાની પણ જરૂર ન પડે.. વર્ષના ૩૬૫ એ દિવસો સ્ત્રીને સમર્પિત હોય.

આ મારી પોતાની વિચારધારા છે. દરેકની વિચારધારા અલગ —અલગ હોઈ શકે છે. અને હોવી જ જોઈએ. જરૂરી નથી કે હું જે વિચારું.. મારા જેવા વિચારો છે.. એ તમારા બધાના પણ હોય.. વ્યક્તિ-વ્યક્તિએ વિચાર અલગ-અલગ હોય . વિચાર વિચારે વિચારધારાઓ અલગ-અલગ હોય, મંતવ્ય અલગ હોય.. અર્થઘટન પણ પોતાની સમજશક્તિ મુજબ હોઈ શકે.. પણ આ બધાની સાથે એક વાત એ પણ છે કે વિવિધતામાં પણ એકતા હોઈ શકે...

ઈજ્જત,માન સન્માન તે વ્યવહારિક વિષય છે,

સાડી પહેરો કે જીન્સ કે બરમુડો પહેરો,

ગાળ બોલશો તો તમાસો પળશે ને, હરી બોલશો તો તાલીપ

"નારી હંમેશા માટે માન-સન્માનને પાત્ર જ છે. "

"નારી હંમેશા માટે પૂજનીય છે. નારી જ નારાયણી છે."

"ગર્વ અને સ્વાભિમાન સાથે કહો કે હા "હું નારી છું.. હું નારી છું.. હું નારી છું...

- વૈશાલી દવે ?

# ૪૦ માં નિશુલ્ક આંખની તપાસ અને મોતિયાબિંદ સર્જરી શિબિર દ્વારા સેંકડો લોકોને આંખોની દ્રષ્ટિ ફરી મળી



સંત રાજીન્દર સિંહજી મહારાજ ના માર્ગદર્શનમાં સાવન કૃપાલ રુહાની મિશન મોતિયાબિંદ ના કારણે થતા અંધાપાને ખતમ કરવાની દિશામાં વર્ષમાં બે વાર નિશુલ્ક આંખની તપાસ તથા મોતિયાબિંદ સર્જરી શિબિરનું આયોજન કરે છે જેથી કરીને જે પોતાના ઓપરેશનનો ખર્ચ ઉઠાવી શકતા નથી તેવા લોકોની આંખની દ્રષ્ટિ પરત મળી શકે. આ પવિત્ર કાર્ય સાકાર કરવા માટે આ બિન લાભકારી આધ્યાત્મિક મિશન દ્વારા નોઈડા ના "ઝછઇઈ આંખોની હોસ્પિટલની સાથે મળી

ભાગીદારી કરી છે જેથી દર્દીઓની નિશુલ્ક મોતિયાબિંદ સર્જરી કરી શકાય. આ સર્જરી "ઝછઇઈ હોસ્પિટલ ના ડોક્ટરોની સાથે સાથે સંયુક્ત રાજ્ય અમેરિકા થી આવેલ આંખના વિશેષજ્ઞો દ્વારા કરવામાં આવે છે જે નિશ્વાસ સેવાની ભાવના થી દર્દીઓને પોતાની સેવા મફતમાં પ્રદાન કરે છે ?મિશન તરફથી ૪૦ માં નિશુલ્ક આગળની તપાસ તથા મોતિયાબિંદ સર્જરી શિબિર ૨૩ ફેબ્રુઆરી થી માર્ચ ૨૦૨૫ સુધી સંત દર્શન સિંહજી ધામ અને કૃપાલબાગ, દિલ્હીમાં આયોજિત કરવામાં આવ્યું. બધા દર્દીઓને પ્રારંભિક તપાસ સંત દર્શન સિંહજી ધામ, બુરાડીમાં કરવામાં આવી. અહીં તપાસવામાં આવેલ ૧૯૫૬ ભાઈ બહેનો માંથી ૮૩૦ નું સાવધાની પૂર્વક પેરામીટર તપાસ ની બાદ મોતિયાબિંદ નું ઓપરેશન કરવામાં આવ્યું. ત્યારબાદ આખું અઠવાડિયું બે માર્ચ સુધી આ દર્દીઓને નોઈડા ના "ઝછઇઈ આંખોના હોસ્પિટલમાં મફત માં રહેવાનું, ભોજન તથા હોસ્પિટલમાં આવા જવાની સુવિધા પણ મફતમાં આપવામાં આવી. અહીં તેમની મોતયાબીનની સર્જરી પણ મફતમાં જ કરવામાં આવી ?.

"ઝછઇઈ આંખના હોસ્પિટલ ના ડોક્ટર તથા મેડિકલ રૂપ થી પ્રશિક્ષિત કર્મચારીઓ ૨૦૦૦થી વધારે ભાઈ બહેનનું મોતિયાબિંદ હટાવવાનું સર્જરી કરવા માટે તેમની આંખોની ઊંડાણપૂર્વક તપાસ કરી. જે દર્દીઓને તેમની સર્જરી ની તારીખ બતાવવામાં આવી હતી તેમને આખું અઠવાડિયું કૃપાલ બાગમાં રહેવા તથા ખાવા પીવા ની સુવિધા મફતમાં પ્રદાન કરવામાં આવી. કૃપાલ બાગથી દર્દીઓને હોસ્પિટલ દ્વારા ઉપલબ્ધ કરવામાં આવેલી બસમાં નોઈડા ના હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા જ્યાં તેમની સર્જરી કરવામાં આવવાની હતી.

દર્દીઓની સર્જરી પછી તેમની સહાયતા અને મદદ કરવા માટે સાવન કૃપાલ રુહાની મિશન દ્વારા તેમને વાંચવા માટે ચશ્મા તથા આવશ્યક સુવિધાઓ પણ મફતમાં પ્રદાન કરવામાં આવી.

સર્જરી થી પહેલા લાંબા સમય સુધી મોતયાબીનની પરેશાની, તકલીફ નો સામનો કરવા તથા સર્જરી પછી બધા દર્દીઓ એ પોતાની દ્રષ્ટિ પરત મળવા પર ખુશી અને આભાર વ્યક્ત કર્યો.પાછલા થોડા વર્ષોમાં સાવન કૃપાલ રૂહાની મિશને ૨૦,૦૦૦ થી પણ વધારે લોકો ની દ્રષ્ટિ પરત મેળવવામાં એમની મદદ કરી છે. પૂર્વ વૈજ્ઞાનિક સંત રાજીન્દર સિંહજી મહારાજ નું જીવન અને કાર્ય ને પ્રેમ અને નિષ્કામ સેવા ને એક સતત ચાલવા વાળી યાત્રા રૂપમાં દેખી શકાય છે જેનો ઉદેશ લોકોને મનુષ્ય જીવનના મુખ્ય ધ્યેયને મેળવવા માટે તેમની મદદ કરવાનો છે. પાછલા ૩૫ વર્ષોથી તેઓ તમામ ક્ષેત્રના લોકોને ધ્યાન અભ્યાસ ની કળા શીખવી ને તેમને પોતાના સાચા આત્મિક સ્વરૂપથી જોડાવામાં મદદ કરી રહ્યા છે. સાવન કૃપાલ રુહાની મિશન આજે સંપૂર્ણ વિશ્વભરમાં ૩૨૦૦ થી પણ વધુ કેન્દ્ર સ્થાપિત છે. મિશનનું ભારતીય મુખ્યાલય વિજયનગર, દિલ્હીમાં છે તથા આંતરરાષ્ટ્રીય મુખ્યાલય ને પર વિલે, શિકાગો, અમેરિકામાં સ્થિત છે.




૩ દિવસ નો શૈક્ષણિક પ્રવાસ કાર્યક્રમ નુ આયોજન .પી.એમ.શંખેશ્વર કન્યા પગાર કેન્દ્ર શાળા .જી.પાટણ પી.એમ.શ્રી શંખેશ્વર કન્યા પગાર કેન્દ્ર શાળા જી.પાટણ દ્વારા તારીખ ૪ માર્ચથી ૬ માર્ચ સુધી ત્રણ દિવસનો શૈક્ષણિક પ્રવાસ કર્યો હતો. જેમાં કચ્છનાં વિવિધ પ્રવાસન સ્થળો જેવા કે જોગણીનાર,ભદ્રેશ્વર,મુન્દ્રાપોર્ટ, ક્રાંતિતીર્થ,માંડવી બીચ,અંબેધામ ગોધરા,નારાયણ સરોવર,કોટેશ્વર,માતાનો મઢ,ભુજમાં હિલગાર્ડન,સ્મૃતિ વન,ભુજોડી અને મોગલ ધામ વગેરે જેવા ધાર્મિક, ઐતિહાસિક, સાંસ્કૃતિક,શૈક્ષણિક અને મનોરંજક સ્થળોની મુલાકાત કરીને ખૂબ આનંદ ઉત્સાહ સાથે વિવિધ જાણકારી મેળવી હતી. શાળાના આ શૈક્ષણિક પ્રવાસમાં ધોરણ ૬થી ૮ની કુલ ૫૮ જેટલી દિકરીઓએ ભાગ લીધો હતો.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No.: 177**
વિષયઃ મન પસંદ
શીર્ષકઃ કંઈક ખૂટે
પ્રકારઃ પદ્ય.     શબ્દો : ૫૦

બહાર સઘળું લાગે બરાબર
અંદરથી કશુંક છતાંય ખૂટે.

ભલે જોડાયા દિલથી દિલના તાર
એક સાંધીએ ત્યાં તો તેર તૂટે.

કેમ કરીને બંધનમાં બાંધુ કોઈને?
એક પકડું ત્યાં તો બીજું છૂટે

કોરી થઈ ગઈ હૈયાની ધરતી,
લાગણીઓને ક્યારે અંકુર ફૂટે?

વિશ્વાસ કોનો કરે હવે "રાધા"?
અહીં ખુદને પોતાનાં જ લુંટે.

લેખક : નેહા મયુર "રાધા"અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 375**
વિષય : મનગમતી રચના .
શીર્ષક : સુખી છું
પ્રકાર : પદ્ય     શબ્દો : ૮૬

સોને મઢ્યું ગગન આ, પ્રભુ સૂર્યદેવે,
ખીલ્યાં અહીં મધુવને, તરુ ને ગુલાબો,
દીધા કૃપા કુદરતે, મિત્ર પ્રાણવાયુ ,
સંગીત શા મધુર છે, કલરવો સુખી છું ,

ઝૂમી ઉઠી લહર સિંધુ શિરે પ્રભાતે,
આ નેત્ર તેજસ અમી, જગ સૃષ્ટિ જુવે,
વેરાય ભોર સમયે, યત્ર પારિજાતો,
હૈયે સિતાર રમતી, લય તો સુખી છું,

ભીંજાય મુગ્ધ મન જો , વરસે મેહુલો,
વાતોડિયો પવન આ, મુજ સંગ ખેલે,
વ્યોમે વસે ઝમકતી, મૃદુ કૌમુદી જો,
પામી અલૌકિક સુધા, રસ તો સુખી છું,

અંધારિયો પથ થયો, ચળકાટ જ્ઞાને ,
પ્રેમે વસાયુ ઘર આંગણ તો સુખી છું.

— જજાગૃતિ દોશી 'મોક્ષા ',

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No: 387**
વિષયઃ મનગમતી રચના
શિર્ષકઃ આ ઉંમર ૬૦ની બહુ વહાલી લાગે છે.લવ યુ જીંદગી
પ્રકારઃ ગદ્ય   શબ્દોઃ ૨૨૩

સફેદ વાળ માં થી થોડાં કાળા વાળ પણ ડોકાય છે, જરાક તેજ ચાલુ તો પગ અને શ્વાસ પણ રોકાય છે.નજર સામે જ બાળકો ને મોટા થતાં જોવા ની મજા આવે છે.આ ઉંમર ૬૦ની બહુ વહાલી લાગે છે.

ન કોઈ ને કાંઈ બતાવી દેવાની ચિંતા કે ન કોઈ કાંઈ જોઈ જશે એવી ચિંતા!બસ બેફિકર રહેવાની મજા પણ નિરાળી લાગે છે.

બંને પગે ની રીપ્લેસમેન્ટ પછી પણ એકટીવા ચલાવવાની વળી,યોગ(કસરત), સ્વિમિંગ, સંગીત શીખવાની બહુ મોજ આવે છે. ઉંમર નો આ પડાવ બહુ સારો લાગે છે.વૉટસ અપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ શીખવું જરૂરી લાગે છે.

પૌત્ર, પૌત્રી સાથે વહાલ કરતાં કરતાં નવી રમતો શીખવી પણ ગમે છે.અને હા!વધેલી કમર સાથે અવનવું ડ્રેસિંગ કરવાની પણ મજા લઉ છું.મિત્રો સાથે ફરવા જવાનું પણ ગમે.

ઘર, પરિવાર અને બાળકો માટે જ જીવ્યા નો આનંદ અને સંતોષ છે. આ બધાં માં મારી મૂડી અને તેના વ્યાજ ને કેમ ભૂલી જવાય! હજી પણ તેમને ઉપયોગી થવાનું મને ગમે છે.આજ મારા જીવનની બહાલી છે.

અડધી તો ઠીક ઠાક ગઈ બાકી ની જીંદગી મારે મજેદાર બનાવવી છે.માત્ર દુ:ખી થઈ ને બેસી રહેવા કરતાં મારી જીન્દગી ને રંગીન સપનાં ઓ થી શણગારવી છે.અધુરા મારા ઓરતાં અને ખોવાયેલી મારી જાત નો "હેલ્લારો"કરી ને જીદંગી જીવવી છે.

આ ઉંમર ૬૦ ની બહુ વહાલી લાગે છે. લવ યુ જીંદગી.??
પુનિતા બેન દવે -મણિનગર અમદાવાદ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG NO.S.S.0059**
વિષય  મન ગમતી રચના
પ્રકાર  પધ્ય
શીર્ષક હું આંવુને તૂં જાય
શબ્દો ૧૪૮

હું આંવુ ને તૂં જાય પ્યારે એ તો મારાથી જોંયુ ન જાય
એ તો મારાથી જોયુ ન જાય !

વંસંત કહે પાનખર ને હું આંવુને તૂ જાય
પ્યારે એતો મારાથી જોંયુ ન જાય

પાનખરે રડતા રડતા ઉતર દીધો
પ્રકૃતિનો અટલ નિયમ એક આવે ને એક જાય

પ્યારે કોંઈનુ ચાલે ન કાંઈ
છે કુદરતનુ સમયપત્રક એવુ

છે કૂવાની રેટ જેવુ
સૂખ પછી દુઃખ
પછી પાછુ આવે સુખ !

સમય પારખીને ચાલે જે

જગતમા તેજ શૂરવીર ગણાય ભાઈ..
કુદરત આગળ કોંઈ નુ ચાલે ન કાય
પ્યારે કોંઈનુ ચાલે ન કાય ?
ભરતી પછી આવે ઓટ ને પાછી આવે ભરતી
કુદરત આગળ કોંઈનુ ચાલે ન કાય ?

લેખક જયકાન્ત ઘેલાણી..પ્યારે'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS NO: 376***
વિષયઃ મારી મનગમતી રચના★
શીર્ષકઃ વચન નિભાવવું પડશે★
પ્રકાર : પદ્ય.   શબ્દો:૧૧૭★

ઓ નારાયણ! ઓ નારાયણ! તારે આવવું રે પડશે,
તારે ભગવદ્ ગીતાનું વચન નિભાવવું રે પડશે.
ઓ નારાયણ !

ગોકુળમાં જોયા વ્હાલા, મથુરામાં જોયા,
જોયા વૃંદાવનમાં વ્હાલા, ડાકોરમાં જોયા,
શ્યામ સ્વરૂપ તારુ અમને બતાવવું રે પડશે,
વહાલા! વનમાળી વચન નિભાવવું રે પડશે.
ઓ નારાયણ.!

જુઓને ખુશીઓની અમને લહેરો લાગી છે,
પ્રભુ પ્રેમની વ્હાલા અમને પહેરો વાગી છે,
સપનામાં આવી શ્યામ મને સતાવવું રે પડશે,
વહાલા! વનમાળી વચન નિભાવવું રે પડશે.
ઓ નારાયણ.!

રામાયણમાં શોધ્યા અમને ભાગવતમાં મળ્યા,
શોધ્યા ગંગાજીમાં ગોવિંદ યમુનાજીમાં મળ્યા,
આ સૃષ્ટિ સુધારવા શ્યામ તારે આવવું રે પડશે,
વહાલા! વનમાળી વચન નિભાવવું રે પડશે.
ઓ નારાયણ.!

અપેક્ષા શાહ "શ્રીજી" અમદાવાદ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 191**
વિષય : મન પસંદ રચના.....
શીર્ષક : સડત ખરા.....
પ્રકાર - પદ્ય    શબ્દો : ૧૧૨

માણસ જો માણસ હોત તો લડત ખરા ?
ઈશ્વર જાણત અંજામ તો એને ઘડત ખરા ?

સ્વર્ગમાં જો ખરેખર સુખ હોત તો, બતાવો,
માનવી પૃથ્વી પર રડતા રડતા આવત ખરા ?

ને ઉપર જવાની કોને હોય છે ઉતાવળ કહો,
માંડ માંડ ધક્કા દઈ ને ચડાવવા પડત ખરા ?

મૃત્યુના નામ થીજ ભયભીત થઈ જાય લોકો,
દવા દારૂ કરીને ને અહીંયા પડ્યા રહત ખરા ?

પુણ્ય કરવાથી સ્વર્ગ મળે એમ જાણવા છતા,
નર્ક માં રહેવા પાપના પોટલા ને અડત ખરા ?

લાગે છે સાચું સ્વર્ગ છે આ મૃત્યુ લોકમાં જુવો,
"મિત્ર" નર્કની યાતના વેઠી ને પણ સડત ખરા ?

વિનોદ સોલંકી મિત્ર લખતર.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 152**
વિષય : મન પસંદ રચના
શીર્ષક : મા પ્રકાર - પદ્ય ગઝલ છંદોબદ્ધ
શબ્દો : ૭૮

એક ક્ષણ બેસું સમીપે, પ્રેમ અવિનાશી મળે.
મા ચરણમાં દ્વાર હરિનું, ભવતરણ કાશી મળે.

શોક ના વ્યાપે હૃદયમાં, ના વ્યથા આવે નજર,
હાથ મસ્તક પર મૂકે મા, ત્યાં ના ઉદાસી મળે.

છે બધા સંતાપ આ બચપણ ગુમાવ્યું એ પછી,
ગોદમાં જનની તણી, તો સુખ થઈ દાસી મળે.

એટલે નારદ અને શારદ જપે છે જાપ પણ,
ભગવતી તું છો ભવાની, વેદમાં સાક્ષી મળે.

તું નથી અંધાર ત્યાં છે, પણ રહે તું સાથ જ્યાં,
માર્ગ સઘળાં જિંદગીભર રોજ ઉજાસી મળે.

શ્દિલીપ ધોળકિયા "શ્યામ" જૂનાગઢ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG. SS No: 194**
વિષય : મનગમતી રચના
શીર્ષક : અલબેલી વસંત
પ્રકાર : પદ્ય, શબ્દ : ૭૬

"વસંત આવી ગઈ,કરી લ્હાણી એણે સર્વત્ર હરિયાળીની,
નાજુક કુંપળો સંગ,સવારી આવી લીલાચટ્ટ ભરેલા પર્ણોની.

ખડખડ હસતી,મહેકતી દેખાતી,વિહરતી બધે મોજીલી યુવાની,
ઘુમતા ભ્રમરો ગુંજન કરતા, સંગ સેવતા સુવાસિત પ્રસુનોની .

પ્રકૃતિના આ પરિવર્તનને માણતા સૌ જીવ ઉલ્લાસિત અને હર્ષિત બની,
રંગ રાગ અને ફાગ ખેલતા, ભરી વસંતે બિરાજેલ રાધા કૃષ્ણ અહીં.

કેસરી કેસૂડો જમાવતો સ્થાન વન,ઉપવનથી ઘર મહી,
કોકીલનો નાદ સંગ આંબાની સુવાસ એ છે હસ્તાક્ષર  અલબેલા વસંતની."

નામ : ખ્યાતિ જીગર દેસાઈ. અમદાવાદ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 366**
વિષયઃ મનગમતી રચનાં
શીર્ષક : નાં બન તું બાપડી બિચારી
પ્રકાર : પદ્ય. શબ્દ સંખ્યાઃ ૯૨

નાં બન તું બાપડી બિચારી
અન્યાય સામે ઉઠાવ અવાજ ભારી.

લોકોનું શું છે?
એ તો બોલતાં રહેશે
તું વધ આગળ ને બનાવ તારી રાહ અલગારી

ડગલે ને પગલે આવશે વિઘ્ન ઘણાં
તું નાં હાર હિમ્મત...
તારી વાહ વાહી નો લહેરાવી દે પરચમ

ખુદને એટલી બનાવ સશક્ત
આવે કોઈ પણ અડચણ
વ્યાભિચારીઓનો કર સંહાર

તું ઉઠ ... ને બસ આગળ વધ.....
ને બતાવી દે આ દુનિયાને
નથી તું બાપડી બિચારી

યોગી ઉમા'શબ્દ સ્યાહી'

# ડીસાની પૂજ્ય સતશ્રી મહારાજની ભાગવતકથામાં રૂપિયા ૫,૫૫,૫૫૫ શ્રી જલારામ ગૌ સત્સંગ મંડળ ડીસા દ્વારા ગૌસેવા હેતુ અર્પણ કરાયા



છેલ્લા ૩૪૬ ગુરૂવારથી અખંડિત રીતે શ્રી જલારામ ગૌ સત્સંગ મંડળ ડીસા દ્વારા દર ગુરૂવારે નિરંતર પૂજ્ય જલારામ બાપાનાં ભજન સમગ્ર સનાતન હિંદુ સમાજના પરિવારોમાં થાય છે.અત્યાર સુધી એક કરોડ બત્રીસ લાખની ગૌસેવા થઈ ચૂકી છે.

ડીસા નગરમાં જલારામ ગૌશાળા ભાભર, શાસ્ત્રીજી ગૌશાળા ડીસા તેમજ જલીયાણ ગૌશાળા ડીસાના લાભાર્થે પૂજ્ય સતશ્રી મહારાજની દિવ્ય ભાગવતકથા દરમિયાન શ્રી જલારામ ગૌ સત્સંગ મંડળ ડીસાના સંચાલક ભગવાનભાઈ બંધુએ જાહેરાત કરતાં રૂપિયા ૫,૫૫,૫૫૫ પાંચ લાખ પંચાવન હજાર પાંચસો પંચાવન ગૌસેવા હેતુ કથા આયોજકો સર્વ પ્રકાશભાઈ છાયલા, પ્રતાપભાઈ રૂપારેલ, શશીકાંતભાઈ ડી ઠક્કર, મહેશભાઈ ઉડેચા, દિનેશભાઇ ચોકસી, નરેશભાઈ આચાર્ય, મહેશભાઈ જીવરાજભાઈ પોપટ, મુકેશભાઈ આચાર્ય, કમલેશભાઈ રાચ્છ સહિત સૌને અર્પણ કરાયા હતા.આ દિવ્ય અવસરે પૂજ્ય સતશ્રી મહારાજના દિવ્ય આશીર્વાદથી સર્વમંગલ સ્વામી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.શ્રી જલારામ ગૌ સત્સંગ મંડળ ડીસાના ૨૦૧ ગૌભકતો-જલારામ ભકતો આ પ્રેરણાદાયી અવસરે ડ્રેસકોડમાં ખાસ હાજર રહ્યા હતા.પૂજ્ય સતશ્રી મહારાજે શ્રી જલારામ ગૌ સત્સંગ મંડળ ડીસાની કામગીરીથી રાજીપો વ્યક્ત કરી આશીર્વાદ આપ્યા હતા.

વિનોદ બાંડીવાળા ડીસા

# 'પાકિસ્તાન સાથેના સબંધો સાબિત કરો, હું રાજીનામું આપી દઈશ' : ધારાસભ્ય ઉમેશ મકવાણા

ગુજરાત વિધાનસભામાં બોટાદ જિલ્લામાં દારૂ વેચનાર પર જીસ્ઝ-સ્ટેટ મોનીટરીગ સેલ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી મુદ્દે અને જવાબદાર લોકો સામે કાર્યવાહી કરવા મુદ્દે પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. જેમાં ગૃહ વિભાગ વતી જવાબ આપી રહેલા જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું કે 'ઉમેશ મકવાણા તેમની પાર્ટીના એક સભ્ય શૌકત અલી સૈયદ મૌલાના એટ્રોસિટી એક્ટ જેવા ગુનાના આરોપીને છોડાવવા બોટાદ જીઁને ફોન કરે છે, ધમકી આપે છે. ફોન કરીને વારંવાર ભલામણ કરે છે.'

આ મુદ્દે ઉમેશ મકવાણા એ સ્વીકાર કર્યો કે 'તે મૌલાના છે, આમ આદમી પાર્ટીના લઘુમતી મોરચામાં છે અને તેમની સામે અગાઉ કોઈ કેસ ન હતા પણ મારી જ્યારે લોકસભાની ચૂંટણી લડવાની જાહેરાત થઈ ત્યારે મૌલાના સામે એકએક ૫ જેટલા અલગ અલગ કેસ કરીને તેમનું અપહરણ કરવામાં આવ્યું.

# ગેંગસ્ટરો માટે નકલી પાસપોર્ટ બનાવતી સિન્ડીકેટનો પર્દાફાશ




નવી દિલ્હી : દિલ્હી પોલીસની ક્રાઇમ બ્રાન્ચે ગેંગસ્ટરો અને અપરાધીઓ માટે નકલી પાસપોર્ટ બનાવતી સિંડિકેટનો પર્દાફાશ કર્યો છે તેમ સત્તાવાળાઓએ એક નિવેદનમાં જણાવ્યું છે. આ સિંડિકેટ ગેંગસ્ટરો અને અપરાધીઓ વિદેશ ભાગી જાય તે માટે તેમના નકલી પાસપોર્ટ બનાવતી હતી.તેમણે જણાવ્યું હતું કે પોલીસે સિંડિકેટના માસ્ટરમાઇન્ડ નિશાંતકુમાર સકસેના સાથે અન્ય ૬ લોકોની ધરપકડ કરી છે. અન્ય ૬ લોકોમાં નિરજ બવાના ગેંગનો એક સભ્ય પણ સામેલ છે. એડિશનલ કમિશનર ઓફ પોલીસ (ક્રાઇમ) સંજીવકુમાર સૈનના જણાવ્યા અનુસાર ગેંગસ્ટરો, વોન્ટેડ ક્રિમિનલો અને પેરોલ પર છૂટેલા કેદીઓ માટે નકલી પાસપોર્ટ બનાવતી સિંડિકેટ પર ક્રાઇમ બ્રાન્ચની નજર હતી. ચાર મહિના સુધી નજર રાખ્યા પછી પોલીસે ગેંગના ઓપરેશન અંગે ચોક્કસ માહિતી એકત્ર કરી હતી. આરોપીઓ ખોટા નામો અને સરનામાનો ઉપયોગ કરીને નકલી આધાર કાર્ડ, વોટર કાર્ડ, પાન કાર્ડ અને અન્ય સરકારી દસ્તાવેજો બનાવતા હતાં.

માટે અરજી કરવામાં આવતી હતી. ઉત્તર પ્રદેશના લખનઉની પાસપોર્ટ ઓફિસ સાથે સાઠગાંઠ કરીને નકલી દસ્તાવેજોને આધારે પાસપોર્ટ બનાવવામાં આવતા હતાં. ઉલ્લેખનીય છે કે ૨૫ ફેબ્રુઆરીના રોજ લખનઉમાં સકસેનાની ઓફિસ પર દરોડા પાડી તેમની ધરપકડ કરવામાં આવી હતી. દરોડા દરમિયાન નકલી પાસપોર્ટ, સીપીયુ, મોબાઇલ ફોન જપ્ત કરવામાં આવ્યા હતાં.

# કચ્છ સહિતની પંચાયતોના લેબોરેટરી ટેકનિશિયનોની પગાર મુદ્દે ૧૧મીએ રેલી



કચ્છ સહિત ગુજરાતની આરોગ્ય વિભાગના પંચાયતોના દવાખાના લેબોરેટરી ટેકનિશિયનોના પગારગ્રેડ ૧૯૯૨થી સુધારવામાં ભૂલ રહી ગઈ હોવાનું સરકાર સ્વીકારતી હોવા છતાં સુધારો કરી વધારો ન આપતાં વર્ષોથી કરાતી માંગ છતાં નિકાલ ન આવતાં તા. ૪થી માર્ચથી ગુજરાત પંચાયત લેબોરેટરી ટેકનિશિયન (પેથોલોજી) મહામંડળ દ્વારા ગાંધીનગરના સેક્ટર-૨૮ ખાતે સત્યાગ્રહ છાવણીમાં ધરણા શરૂ કર્યા છે. ખજાનચી નિલેશ કાછડિયા ઉપવાસ અનશન પર ઉતર્યા છે તેના સમર્થનરૂપે તા. ૧૧મીએ માસ સીએલ મુકી કચ્છના ૫૧ સહિત રાજ્યના ૨૫૦૦ લેબ ટેક દ્વારા રેલી યોજાશે. ગાંધીનગરથી મહામંડળના પ્રમુખ જયેશ સોલંકી અને પૂર્વ પ્રમુખ જયેશ શેઠે વિગતો આપતાં જણાવ્યું હતું કે, ૧૯૮૭ સુધી ગુજરાતમાં પંચાયત (આરોગ્ય)ના પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રના તેમજ તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ ત્રણેય વિભાગના લેબોરેટરી ટેકનિશિયન કાયમીની શૈક્ષણિક લાયકાત, કામગીરી, પોસ્ટનું નામ અને પગાર સરખા હતા. ૧૯૯૨ની ૨૫મી જુને નાણા વિભાગે પગાર ગ્રેડમાં વધારો કરતાં ઠરાવ કર્યો જેનો લાભ તબીબી સેવાનું ટેબલ સંભાળતા ઈ-સેવાને મળ્યો. અન્ય બે કેડરના લેબોરેટરી ટેકનિશિયનને ન મળ્યો જેનો ખ્યાલ ૧૯૯૬માં પગાર પંચ આવ્યું ત્યારે પગારમાં ઘણો ફેર પડતાં ખ્યાલ આવ્યો ત્યારથી રજૂઆતો કરાતી આવી છે. બીજી માંગ વિશે જણાવ્યું કે, કોરોનાકાળમાં ૧૩૦ દિવસ રજા લીધા વિના દર્દીઓના નાક અને ગળામાંથી સેમ્પલ લેવાની જીવલેણ નીવડે તેવી જોખમી કામગીરી કરી હતી. તે દિવસોનો પગાર ન ચૂકવાતાં ન છૂટકે હાઈકોર્ટમાં જવું પડયું છે. સરકાર તે પગાર ચૂકવે તો કેસ પાછો ખેંચવાની તૈયારી આ અગ્રણીઓએ વ્યક્ત કરી હતી.

દરેક જિલ્લામાં લેબોરેટરીની કામગીરી ન ખોરવાય તે માટે દરરોજ પાંચ પાંચ ટેકનિશિયન ગાંધીનગર ખાતે ધરણામાં જોડાય છે. તા. ૧૧ના રાજ્યના તમામ લેબ ટેકનિશિયન રેલી અને ધરણા યોજશે છતાં સરકાર સમાધાન કરવા તૈયાર નહીં થાય તો આગળના આંદોલનની વિચારણા કરાશે. તેવું મહામંડળના અગ્રણીઓએ જણાવ્યું હતું.

# હોળી પહેલાં ગુજરાત સરકારનો નિર્ણય: વતન જવા ઈચ્છુક લોકો માટે દોડાવાશે વધારાની ૧૨૦૦ બસ

હોળીના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી છે. ત્યારે રાજ્યના નાગરિકોને આ તહેવારો દરમિયાન પોતાના વતન જવા માટે સરળતાથી પરિવહનની સુવિધા મળી રહે તે હેતુથી ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ તહેવારો દરમિયાન એસ.ટી દ્વારા વધારાની ૧૨૦૦ જેટલી બસો દોડાવવામાં આવશે. આ સિવાય ગુજરાત એસ.ટી નિગમ દ્વારા કુલ ૭૧૦૦ જેટલી ટ્રીપનું એક્સ્ટ્રા સંચાલન કરવામાં આવશે.

ગુજરાત એસ.ટી દ્વારા જાહેર કરવામાં આવેલી યાદી મુજબ, રાજ્યના પંચમહાલ, દાહોદ, ઝાલોદ, ગોધરા, સંત રામપુર, છોટાઉદેપુર વગેરે જિલ્લાના નાગરિકો રાજ્યના અન્ય જીલ્લાઓમાં નોકરી/ વ્યવસાય/ મજૂરી અર્થે આવન જાવન કરે છે. વતનથી બીજા જિલ્લામાં સ્થાયી થયેલા હોય તેવા પરિવારો હોળી- ધૂળેટી જેવા તહેવારોમાં માદરે વતન તરફ મુસાફરી કરતા હોય છે. જેથી, રાજ્યના વિવિધ જિલ્લાઓમાં જેમ કે, અમદાવાદ, રાજકોટ, અમરેલી, જૂનાગઢ, ભાવનગર અને ભુજ જેવા વિસ્તારમાંથી



ગોધરા, દાહોદ, ઝાલોદ, છોટાઉદેપુર વિગેરે જગ્યાએ જવા માટે વધારાની ૧૨૦૦ જેટલી બસો વડે કુલ ૭૧૦૦ જેટલી ટ્રીપો સંચાલિત કરવામાં આવશે. જેમાં ડાકોર અને દ્વારકા જવા માટે ૫૦૦ બસો દ્વારા ૪ હજાર જેટલી ટ્રીપ સંચાલિત કરાશે. આ સિવાય તારીખ ૧૦ માર્ચથી ૧૬ માર્ચ દરમિયાન હોળી-ધૂળેટીના તહેવારો નિમિત્તે આ એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવશે.

ગત વર્ષે ગુજરાત એસ.ટી દ્વારા ૧ હજાર જેટલી બસ દ્વારા ૬૫૦૦થી વધુ ટ્રીપનું સંચાલન કરવામાં આવ્યુંહતું. આ સિવાય ડાકોર રણછોડરાયજી ફૂલડોલ ઉત્સવ માટે ૪૦૦ બસો દ્વારા ૩ હજાર ટ્રીપની દર્શનાર્થીઓ માટે વ્યવસ્થા કરવામાં આવી હતી.

નિગમ દ્વારા કરવામાં આવેલી વધારાની બસની માહિતી સર્વિસ ડેપો તેમજ નિગમની સત્તાવાર વેબસાઈટ www.gsrtc.in પરથી મેળવી શકાશે.

# ગંદકી કરતાં લોકોના પાડો ફોટા અને મેળવો ગિફ્ટ... એપ્રિલમાં લોન્ચ થશે 'અમદાવાદ કેમ' એપ




અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને શહેર સ્વચ્છ બનાવવા માટે જન ભાગીદારીની મદદ લીધી છે. અમદાવાદ કોર્પોરેશન દ્વારા સ્વચ્છતા જાળવવા માટે એક નવી પહેલ શરૂ કરી છે. જેમાં ગંદકી ફેલાવનાર અથવા તો જાહેર માર્ગ પર થૂંકનારનો ફોટો પાડીને 'અમદાવાદ કેમ' એપ્લિકેશન પર અપલોડ કરીને ફરિયાદ કરવાની રહેશે. ત્યારબાદ કોર્પોરેશન દ્વારા ગંદકી ફેલાવનાર વ્યક્તિને દંડ ફટકારવામાં આવશે. આ એપ્લિકેશનો લાભ એપ્રિલ મહિનાથી લઈ શકાશે. વધુમાં વધુ લોકો આ એપ્લિકેશન થકી શહેરને ગંદકીમુક્ત બનાવવાનો પ્રયત્ન કરે તે માટે ગિફ્ટ વાઉચર પણ આપવામાં આવશે. આ એપ્લિકેશનમાં બીજા અન્ય મુદ્દાઓને પણ આવરી લેવામાં આવ્યા છે. જેમાં ટ્રાફિકને લગતા મુદ્દાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. નો પાર્કિંગ, રોંગ સાઈડ ડ્રાઈવિંગ, ટ્રાફિક સહિતની સમસ્યાનું નિરાકરણ લાવી શકાશે. સામાન્ય નાગરિક જે સ્થળેથી ફોટો પાડશે તેનું ઓટોમેટિક લોકેશન આવી જશે અને નિયમોનો ભંગ કરનાર માલિકના ઘરે નોટીસ મોકલી આપવામાં આવશે. હાલમાં કોર્પોરેશન દ્વારા જાહેરમાં ગંદકી ફેલાવતાં રેકડીવાળા, રેસ્ટોરેન્ટ અને હોટલોવાળાને ઘટનાસ્થળ દંડ ફટકારી વસૂલવામાં આવે છે. અમદવાદ કોર્પોરેશનની આ નવી પહેલથી લોકોમાં કેટલી જાગૃતતા આવે છે અને કેટલી સફળતા મળે છે તે તો આગામી સમય જ બતાવશે.

# અલંગમાં 3 માસથી શિપની રફ્તાર સ્થિર, ફેબ્રુઆરી માસમાં ૧૦ શિપ આવ્યા



ભાવનગર : ભાવનગરની આર્થિક કરોડરજ્જૂ શિપ રિસાયકલિંગ ઉદ્યોગમાં નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં સુસ્તી જોવા મળી છે. ખાસ કરીને છેલ્લા ત્રણ માસથી શિપની સંખ્યા સ્થિર થઈ ગઈ હોય તેમ ગત ફેબ્રુઆરી માસમાં અલંગમાં માત્ર ૧૦ શિપ આખરી સફરે આવ્યા છે. જોકે છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષના ફેબ્રુઆરી માસની સરખામણીએ ચાલુ નાણાંકીય વર્ષના ફેબ્રુઆરી માસમાં સામાન્ય વૃદ્ધિ જોવા મળી છે પરંતુ તે બજાર માટે સંતોષજનક નથી ત્યારે આગામી દિવસમાં માર્કેટ સુધરશે તેવો આશાવાદ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે.ભાવનગરની આર્થિક કરોડરજ્જૂ અલંગ શિપ રિસાયકલિંગ ઈન્ડસ્ટ્રીમાં સુસ્તી જોવા મળી રહી છે. છેલ્લા ત્રણ માસથી અલંગમાં આવતા શિપની સંખ્યાની રફ્તાર સ્થિર હોય તેમ ડિસેમ્બર-૨૦૨૪ અને જાન્યુઆરી-૨૦૨૫ બાદ ફેબ્રુઆરી-૨૦૨૫માં પણ અલંગમાં માત્ર ૧૦ શિપ જ આખરી સફરે આવ્યા છે. જોકે છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષના ફેબ્રુઆરી માસની સરખામણીએ ચાલુ નાણાંકીય વર્ષના ફેબ્રુઆરી માસમાં અલંગમાં આવતા શિપની સંખ્યામાં સામાન્ય વૃદ્ધિ જોવા મળી છે પરંતુ તે બજાર માટે સંતોષજનક નથી. આ ઉપરાંત ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં અલંગ શિપ રિસાયકલિંગ ઈન્ડસ્ટ્રીઝમાં સુસ્તી જોવા મળી રહી છે. જાન્યુઆરી-૨૦૨૪થી ફેબ્રુઆરી-૨૦૨૫ના ૧૧ માસમાં અલંગમાં અત્યાર સુધીમાં કુલ ૧૦૨ શિપ અંતિમ સફરે આવ્યા છે. જે ગત નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ની સરખામણીએ ઓછા છે ત્યારે આગામી દિવસોમાં શિપ રિસાયકલિંગ ઈન્ડસ્ટ્રીઝનું માર્કેટ સુધરશે અને તેજી આવશે તેવો આશાવાદ શિપબ્રેકરો દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે. આ અંગે અલંગ શિપ બ્રેકર એસોસિએશનના ઉપપ્રમુખ રમેશભાઈ મેંદપરાએ જણાવ્યું કે, અલંગમાં આવતા શિપની સંખ્યા ઘટી રહી છે પરંતુ આગામી ૬-૮ માસમાં સારા ફેરફારો આવવાની આશા છે. તેમજ બીઆઈએસનો પ્રશ્ન ઉકેલાય તો શિપબ્રેકરો સારી રીતે કામગીરી કરી શકે તેમ છે. આ ઉપરાંત પણ ડોલરના ભાવમાં આવેલા ફેરફારથી શિપબ્રેકરોને આર્થિક નુકસાન વેઠવું પડી રહ્યું છે. જેની અસર વર્તાઈ રહી છે અને આગામી દિવસોમાં પણ તેની અસર જોવા મળી શકે છે.શિપ રિસાયકલિંગ ઉદ્યોગમાં હાલ ભારતની બાંગ્લાદેશ અને પાકિસ્તાન સાથે કટ્ટર સ્પર્ધા ચાલી રહી છે. રિસાયકલ થવા આવનારા જહાજોમાંથી ઘણાં જહાજો બાંગ્લાદેશ અને પાકિસ્તાનમાં આખરી સફરે જઈ રહ્યાં છે જેની અસર અલંગમાં આવતા શિપની સંખ્યા પર પડી રહી છે. હોંગકોંગ કન્વેન્શન લાગુ થયાં બાદ ભારતમાં શિપ રિસાયકલિંગ ઈન્ડસ્ટ્રીમાં તેજી આવશે તેવો આશાવાદ વ્યક્ત થઈ રહ્યો છે







વિઝન આધુનિક ગુજરાતનું
મિશન ખેતી અને ખેડૂતોના સર્વાંગી વિકાસનું

**કૃષિ ક્ષેત્રે AI થકી DATA મેળવવા નવી યોજના**

AI થકી ખરીફ અને રવિ ઋતુમાં પાકની માહિતી મેળવી તેની Crop Productivity Prediction કરી શકાય તે માટે ડિજિટલ ક્રોપ સરવેની નવી યોજના શરૂ કરવા માટે ₹૪૦ કરોડની જોગવાઈ

**કૃષિ વીજ પુરવઠા માટે ખાસ જોગવાઈ**

ખેડૂતોને વીજ સહાય માટે ₹૧૦,૬૧૩ કરોડની જોગવાઈ

**કૃષિમાં આધુનિકતાને પ્રાધાન્ય**

કૃષિ યાંત્રિકીકરણ હેઠળ ટ્રેક્ટર ખરીદી સહાય માટે ₹૮૦૦ કરોડ અને કૃષિ સંલગ્ન વિવિધ ઓજારોની ખરીદી માટે ₹૫૯૦ કરોડની જોગવાઈ

કૃષિ ક્ષેત્રે અદ્યતન ડ્રોન ટેક્નોલોજી ઉપયોગને પ્રોત્સાહન આપવા અને સીડ રિપ્લેસમેન્ટ રેટમાં વધારો કરવાની યોજના માટે ₹૮૨ કરોડ જોગવાઈ

**આદિજાતિ વિસ્તારના ખેડૂતો માટે સહાય**

રાજ્યના ૫૩ તાલુકાના આદિજાતિ ખેડૂતોની સહાયતા માટે કૃષિ સુવિધા રથ શરૂ કરાશે. જેના માટે ₹૧૯ કરોડની જોગવાઈ

**ફૂડ પાર્કનું નિર્માણ**

રાજ્યમાં કચ્છ, અમદાવાદ, જૂનાગઢ, વડોદરા, હાલોલ એમ પાંચ જિલ્લાઓમાં મેગા ફૂડ પાર્કનું નિર્માણ

**મૂલ્યવર્ધન સાથે એક્સપોર્ટ ફેસિલિટી**

કૃષિ ઉત્પાદનનું મૂલ્યવર્ધન કરી ખેડૂતોની આવકમાં વૃદ્ધિ કરવા એગ્રો પ્રોસેસિંગ એન્ડ એક્સપોર્ટ પ્રમોશન માટે ₹૧૦૦ કરોડની જોગવાઈ

**પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન**

પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા માટે ₹૩૧૯ કરોડ અને નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ માટે ₹૯૦ કરોડની જોગવાઈ

**કિસાન ક્રેડિટ કાર્ડની સહાયમાં વધારો**

કેન્દ્રિય બજેટમાં કિસાન ક્રેડિટ કાર્ડમાં ધિરાણની મર્યાદા ₹૩ લાખથી વધારી ₹૫ લાખ કરવામાં આવેલ છે જેના અનુસંધાને રાજ્ય સરકાર દ્વારા ૪% વ્યાજ રાહત આપવા માટે ₹૧,૨૫૨ કરોડની જોગવાઈ




કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે કુલ ₹૨૨,૪૯૮ કરોડની જોગવાઈ


Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.